કચેરી : ૦૨૬૧-૨૪૨૫૦૦૨
અધ્યક્ષશ્રી : (ઓ.) ૦૨૬૧-૨૪૨૮૨૬૮, ૬૫૮૯૪૭૮
શાસનાધિકારી : (ઓ.) ૦૨૬૧-૨૪૧૫૬૭૯
Email-msbsmc@gmail.com

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત–૩૯૫ ૦૦૧

નંબર : ૪૫૫૦

તા.: ૭ - ૧૧ - ૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી,

૧ થી તમામ શાળાઓ,

ન.પ્રા.શિ.સ.,સુરત.

વિષય :- મેડિકલ રીએમ્બર્સમેન્ટ ફાઇલ મોકલવા બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના આવક નં.૯૬૦૧, તા.૦૫/૧૧/૨૦૨૦.

જત ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ / અધિકારીશ્રીઓ / મ્યુ. સભ્યશ્રીઓ / માજી મ્યુ. સભ્યશ્રીઓ / પેન્શનરોને અને તેમના આશ્રિતોને અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના કર્મચારીઓ / અધિકારીશ્રીઓ / પેન્શનરો / સભ્યશ્રીઓ / માજી સભ્યશ્રીઓ તથા તેમના આશ્રિતોને નિયમોનુસાર વૈદકીય સારવાર સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલો, શહેરી આરોગ્ય કેન્દ્રો, શહેરી આરોગ્ય કેન્દ્રો અને પ્રસૃતિગૃહો, દવાખાના તથા મહાનગરપાલિકા સંચાલિત અન્ય તમામ વૈદકીય સંસ્થાઓમાં વિનામૂલ્યે આપવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ ખાતે મહદઅંશે તમામ પ્રકારની સારવાર ઉપલબ્ધ હોવા છતાં ઘણા કિસ્સાઓમાં વૈદકીય સારવારના નિયમો હેઠળનો લાભ લેનાર લાભાર્થીઓ દ્વારા ખાનગી /ટ્રસ્ટની હોસ્પિટલોમાં વિવિધ આકસ્મિક કારણો દર્શાવીને પૂર્વમંજૂરી મેળવ્યા વિના સારવાર મેળવવામાં આવે છે. અને તે અંગેનો ખર્ચ રીએમ્બર્સમેન્ટ કરવા અરજી કરવામાં આવે છે. જે યોગ્ય જણાતું નથી.

આથી સુરત મહાનગરપાલિકાના વૈદકીય સારવારના નિયમો હેઠળનો લાભ લેનાર તમામ લાભાર્થીઓને જણાવવામાં આવે છે કે હવેથી તેઓએ તેમની પોતાની તથા તેમના આશ્રિતોની સારવાર નિયત કરેલ સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલો, શહેરી આરોગ્ય કેન્દ્રો, શહેરી આરોગ્ય કેન્દ્રો અને પ્રસૃતિગૃહો, દવાખાના તથા મહાનગરપાલિકા સંચાલિત અન્ય તમામ વૈદકીય સંસ્થાઓ ખાતે જ કરાવવાની રહેશે. જે સારવાર સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલો ખાતે ઉપલબ્ધ ન હોય, તેવા કિસ્સાઓમાં પૂર્વમંજૂરી મેળવીને જ સુરત મહાનગરપાલિકાએ માન્ય કરેલ અન્ય હોસ્પિટલો ખાતે સારવાર કરાવવાની રહેશે. જો આ સિવાયની અન્ય સંસ્થાઓમાં પૂર્વમંજૂરી વગર સારવાર લેવામાં આવેલ હોય તો તેવા ખર્ચના નાણાનું રીએમ્બર્સમેન્ટ સ્કુટીની કમિટિ ધ્વારા જે તે કેસનાં ગુણદોષને ધ્યાને લઇ તથા સુરત મહાનગરપાલિકાના પ્રવર્તમાન નિયમોનુસાર જ કરવામાં આવશે. જેની તમામ લાભાર્થીઓએ ખાસ નોંધ લેવી.

આ પરિપત્રની જાણ શાળા કર્મચારીગણને કરી પરિપત્ર શાળા દફતરે રાખવો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત